# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૮/1162 તારીખ: 27/11/18

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

બીએસએનએલ નિગમ લીમીટેડ,

C/o, ધી સબ ડીવીઝનલ ઓફીસર, બીએસએનએલ આદિપુર,

ટેલીફોન એક્સચેન્જ, વોર્ડ-૨A,પોસ્ટ ઓફીસનો બાજુમાં,

જી-ભુજ-૩૭૦૨૦૫,

મોબાઇલ નંબર:- ૯૪૨૭૪ ૪૦૧૦૧

વિષય :- કેસ નંબર પીજી 03/003/૨૦૧૮-૧૯

સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી 03/003/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ

(3) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રામબાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 162 તારીખ: 27/11/18

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-03-003-2018-19.

અરજદાર: શ્રી ભારત સંચાર નિગમ લિમિટેડ
સબ ડીવીઝનલ ઓફિસ, બીએસએનએલ આદિપુર,
ટેલિફોન એક્સચેન્જ, વોર્ડ-૨-Aપોસ્ટ ઓફિસની બાજુમાં, આદિપુર-કચ્છ-૩૭૦૨૦૮

રજૂઆત કરનાર: શ્રી કિશોર એમ. છાભૈયા(અધિકૃત પ્રતિનિધિ)

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ
રજૂઆત કરનાર: શ્રી એચ.બી.રાખોલિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ, ગાંધીધામ ડીવીઝન.

ફરીયાદ નિવારણ પી.જી.વી.સી.એલ. ભુજ ફોરમ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૧૯/૧૦/૨૦૧૮



Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી બી.એસ.એન.એલ. ગ્રાહક નં. ૬૧૮૦૨/૦૧૬૭૪/૦ થી પીજીવીસીએલના ગ્રાહક છે. જેઓનું કનેક્શન ટાવરનું છે. આ કનેક્શનો તેઓ ટાવરના હેતુ માટે વપરાશ કરે છે.

૧.૧ અરજદારશ્રીને જુલાઈ-૨૦૧૭ના માસનું ૧૨૩૯૪ યુનિટનું રૂ. ૧,૨૦,૮૯૭.૪૮નું બીલ મળેલ છે. તે માટે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૨ સદર કેસની લેખિત અને મૌખિક વિગત નીચે મુજબ છે.

૧.૩ અરજદારશ્રીની રજૂઆત છે કે, તેઓના ટાવર કનેક્શનનું દર માસનું એવરેજ બીલ જાન્યુઆરીથી જુલાઈ માસ સુધીનું રૂ. ૧૫૦૦ થી ૩૦૦૦ આવે છે અને ઓગસ્ટથી ડિસેમ્બર માસ સુધીનું રૂ.૨૫૦૦ થી ૫૦૦૦ આવે છે.

૧.૪ અરજદારશ્રીનું બીલ જુલાઈ-૧૭માં જ વધુ આવેલ છે. જે પણ તેઓ દ્વારા વાંધા હેઠળ ભરપાઈ કરેલ છે. જે કોઈ ટેકનિકલ ફોલ્ટના કારણે આવેલ છે, જે તેઓશ્રીએ જણાવેલ છે.

૧.૫ અરજદારશ્રી જણાવે છે કે, તેઓનું જુલાઈ માસનું બીલ તેઓના એવરેજ વપરાશ કરતા ઘણું વધારે આવેલ છે, જે યોગ્ય નથી.

૧.૬ અરજદારશ્રીએ મીટર ચેક કરતા મીટર બરાબર માલૂમ પડે છે. જેથી તેઓશ્રીએ રજૂઆત કરેલ કે, તેઓનું બીલ તેઓને વપરાશ મુજબનું કરી આપવું જોઈએ.

ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. કચ્છ

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી એચ.બી. રાખોલિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, ગાંધીધામ ડીવીઝન રૂબરૂ હાજર રહેલ અને જણાવેલ કે,

૨.૧ સદરહુ ગ્રાહકને માસ જુલાઈ-૨૦૧૭માં ૧૨૩૪૪ યુનિટનું રૂ. ૧,૨૦,૮૯૭.૪૮નું બીલ આપવામાં આવેલ છે. જે તેના મીટરના રીડીંગ પ્રમાણે થયેલ વીજવપરાશ મુજબ આપવામાં આવેલ છે. જે લેજરમાં પણ બતાવેલ છે.

૨.૨ સદર મીટરને માહે ફેબ્રુઆરી-૨૦૧૮માં બદલાવી લેબોરેટરીમાં તેની ચકાસણી કરતાં મીટર બરાબર માલૂમ પડેલ છે. જે તેના લેબોરેટરી રીપોર્ટ પરથી જાણી શકાય છે.

૨.૩ લેબોરેટરી રીપોર્ટ પ્રમાણે મીટર બરોબર જ હોતાં ગ્રાહકને બીલ ભરવાનું રહેશે.

૨.૪ સદરહુ ગ્રાહકનું મીટર લેબોરેટરી ચેક કરતાં બરાબર માલૂમ પડેલ છે. પરંતુ આ મીટરમાં ટેકનિકલ ફોલ્ટ હોય તેમ જણાય છે. કેમ કે તેઓના રીડીંગમાં આ જ માસમાં એકાએક જમ્પ આવ્યો હોય તેવું લાગે છે. તેથી તેઓનું બીલ વધુ આવેલ છે.

૨.૫ અરજદારશ્રી પોતાનું એવરેજ મુજબનું બીલ ભરવા તૈયાર છે. જેથી તેઓને એવરેજ બીલ નિયમ મુજબ આપવામાં આવશે. તો તેઓ ભરવા તૈયાર છે.



Scanned by CamScanner

## :: હુકમ ::

૩.0 સુનાવણી સમયે રજૂઆત કરનાર તેમજ સામાવાળાની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ ઉપર આવી શકાય.

૩.૧ ફોરમ દ્વારા પીજીવીસીએલ તથા ગ્રાહકની રજૂઆત સાંભળવામાં આવેલ છે.

૩.૨ મીટર રીડીંગ મુજબ ગ્રાહકને જુલાઈ-૨૦૧૭નું ૧૨૩૪૪ યુનિટનું રૂ. ૧,૨૦,૮૯૭.૪૮નું બીલ આપવામાં આવેલ છે, જે યોગ્ય છે.

૩.3 અરજદારશ્રીનું એવરેજ બીલીંગ જાન્યુઆરી થી જુલાઈ સુધી ૧૫00 થી ૩000 છે અને ઓગસ્ટથી ડિસેમ્બર માસમાં ૨૫00 થી ૫000 યુનિટ આવે છે. જે મુજબ ગ્રાહકે સમયસર બીલ ભરેલ છે.

૩.૪ અરજદારશ્રીનું જુલાઈ-૨૦૧૭નું બીલ ટેકનિક્લ ફોલ્ટના કારણે જમ્પ આવી ગયેલ હોય તેવું જણાય છે. જે એક ટેકનિક્લ ખામી છે.

૩.૫ અરજદારશ્રી જુલાઈ-૨૦૧૭માં તેઓની એવરેજ મુજબનું બીલ ભરવા તૈયાર છે.

૩.૬ પીજીવીસીએલ ડીવીઝન ઓફિસના કાર્યપાલક ઈજનેર તથા બીએસએનએલના એસ.ડી.ઓ. વચ્ચે પીજીવીસીએલ ગાંધીધામ ખાતે હીયરીંગ કરીને મીટરમાં જમ્પ આવી ગયેલ હોઈ એમ.આર.આઈ.રીપોર્ટના આધાર પુરાવાને લક્ષ્યમાં લઈને જુલાઈ ૨૦૧૭ માસનું બીલ ઓક્ટોબર ૨૦૧૭ થી માર્ચ ૨૦૧૮ સુધી એટલે કે ૬(છ) માસની એવરેજ ડીમાન્ડના આધારે ૨૪ કલાકના ૩૦(ત્રીસ) દિવસના વપરાશ મુજબ માસિક યુનિટની ગણતરી કરવામાં આવેલ છે.

૩.૭ પીજીવીસીએલ - બીએસએનએલ વચ્ચે તા.૨૬-૧૦-૨૦૧૮ના રોજ થયેલ સમાધાન મુજબ ઉપર દર્શાવેલ એવરેજ ડીમાન્ડ ૪.૩૫ કિ.વો. મુજબ-૨૪ કલાકનો – ૩૦(ત્રીસ) દિવસના વપરાશની ગણતરી કરતાં જુલાઈ ૨૦૧૭માં ૩૧૩૨ યુનિટનો વપરાશ નક્કી કરવામાં આવેલ છે.

૩.૮ આ મુજબ જુલાઈ ૨૦૧૭ના બીલમાં રેકોર્ડ થયેલ (૧૨૩૯૪-૩૧૩૨)=૯૨૬૨ યુનિટ ગ્રાહકના ખાતામાં જમા આપવા માટે સમાધાન કરવામાં આવેલ છે.

૩.૯ પીજીવીસીએલ ગાંધીધામ ડીવીઝનમાં થયેલ સમાધાન મુજબ અરજદાર-બીએસએનએલ દ્વારા પીજીવીસીએલ આદીપુર સબ-ડીવીઝનમાં સમાધાનપત્ર(પુરશીશ) રજૂ કરવામાં આવેલ છે, તથા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

૪.0 આમ,અરજદારની ફરિયાદનું નિવારણ થયેલ હોઈ તથા ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi Nitin H.
(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

PG-03-003-2018-19



Scanned by CamScanner

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Scanned by CamScanner